# વડોદરાના મહેરબાન જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, ટ્રાફિક કોર્ટ સમક્ષ

GJVD021763702025

| | | |
|---|---|---|
| ફોજદારી કેસ નંબર | :: | ૧૬૩૩૮૧/૨૦૨૫ |
| આંક | :: | |

| | |
|---|---|
| ફરીયાદઃ– | શ્રીસરકાર |

–:: વિ રુ ધ્ધ ::–

| | |
|---|---|
| આરોપીઃ– | લીલાબેન વા/ઓ મહેન્દ્રભાઇ ગોરધનભાઇ માળી<br>રહે.સમા નવી નગરી, ટેકરા ઉપર<br>સમા, વડોદરા શહેર. |

| |
|---|
| ગુન્હોઃ પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (એ)(એ) મુજબ |

## –:: ચુ કા દો ::–

(૧) આ કામે ફરીયાદપક્ષ તરફે આરોપી વિરુધ્ધ **પ્રોહીબીશન એકટની કલમ– ૬૫ (એ)(એ)**, મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આ કામે ચાર્જશીટ રજુ થતાં **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૧૦(૧)(બી)** પ્રમાણે આરોપી સામે ગુન્હાનું કોગ્નીઝન્સ લઇ **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૨૭** અન્વયે સમન્સ ઇસ્યુ કરવામાં આવતાં, આરોપી આ અદાલત સમક્ષ હાજર થયેલ છે. **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦** મુજબ આરોપીને પોલીસ તપાસનાં કાગળોની નકલો પુરી પાડવામાં આવેલ છે, સદર કામના આરોપી હાજર થઇ કબુલાત પુરસીસ રજુ કરી પોતે ગુનો કબુલ કરતાં, હોવાની હકીકત જણાવેલ છે. ત્યાર બાદ આરોપીને **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૪** અન્વયે પ્લી નોંધતા તેમાં પણ આરોપીએ સ્વૈચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવલ છે અને વિશેષ જણાવેલ છે કે, તેઓએ દારુ પીધેલી હાલતમાં કોઇ સાથે ખરાબ વર્તન કે, ઝઘડો કરેલ નથી, સદરી ગુન્હો પ્રથમ વખતનો ગુન્હો છે, તેઓ તેમની ભુલ સુધારવા માંગે છે અને ભવિષ્યમાં આવા પ્રકારના કોઇ ગુનાહિત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપે છે.

(૩) ઉપરોકત હકીકત તેમજ હાલના આરોપીનું નિવેદન ધ્યાને લેતાં, આરોપીની કબુલાત સ્વૈચ્છિક હોવાનું જણાય છે. કોઇએ આરોપીને કોઇ લાલચ કે, પ્રલોભન આપેલ નથી, ગુનાની સજાની જોગવાઈ બાબતે તેને માહીતગાર કરવામાં આવેલ છે, તેમ છતાં, પોતે સ્વૈચ્છિક કબુલાત કરતાં હોઇ તેની કબુલાત રેકર્ડ કરવામાં આવેલ છે. આમ, આરોપીની રજુઆત તેમજ તેની સામાજીક અને આર્થિક સ્થિતિ અને કેસના જે સંજોગોમાં ગુનો બનવા પામેલ છે, તે તમામ હકીકતને ધ્યાને લેતાં, આરોપીને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કિસ્સો જણાય છે અને આ બાબતે **જી.એલ.આર. ૨૦૦૫ નામદાર માનવંત ગુજરાત વડી અદાલતનો નટવર હરચંદ વિ.સ્ટેટ.**નો ચુકાદો ધ્યાને લેતાં, આરોપીને આવા કિસ્સામાં ન્યુનતમ સજા કરતાં, પણ ઓછી સજા કરી શકાય તેમ જણાતું હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે

# –:: હુકમ ::–

આ કામના આરોપીને **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૫** અન્વયે પ્રોહીબીશન એકટની કલમ–**૬૫ (એ)(એ**) મુજબના ગુનામાં સંયુકત રીતે તકસીરવાન ઠરાવી **રૂા.૧૦૦ /–(અંકે રૂપિયા સો પુરા)**નો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો **દિન–૦૩** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ દારુનો નિયમ મુજબ નાશ કરવો.

હુકમ આજ તા.**૧૩** માહેઃ **ડીસેમ્બર** સનેઃ **૨૦૨૫** ના રોજ સ્પેશયલ સીટીંગમાં વાંચી, સંભળાવીને જાહેર કર્યો.

**તા.૧૩–૧૨–૨૦૨૫**

**સ્થળઃ વડોદરા**

**( એન.જે. કોઠારી)**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**(ટ્રાફીક કોર્ટ), વડોદરા.**
**કોડ નં.જીજે ૦૧૬૭૫**

Received Rs______________
Receipt No.______________
Date :13/12/2025

Head Clerk
J.M.F.C, Traffic Court, Vadodara.